# માનવાધિકારના શિક્ષણમાં શિક્ષકનો ફાળો

ડૉ. યોગેશકુમાર રમેશભાઇ પરમાર
શિક્ષણના વ્યાખ્યાતા,
શ્રીમતી એસ.આઇ.પટેલ ઇપ્કોવાળા કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ.

## ૧.પ્રસ્તાવના

"A Teacher affects eternity: no one can tell where his / her influence stops"

- Henry Adams

વૈશ્વિકરણ, ઉદારીકરણના આ યુગમાં માનવ જાણે કે હવે માનવ બનવા થનગની રહ્યો છે. તે પોતાના અધિકારો માટે જાગૃત બન્યો છે એટલું જ નહીં પરંતુ તે પોતાના આચાર, વિચાર તથા વ્યવહાર માટેના માનવ તરીકેના અધિકારો ભોગવવા અને અને અન્ય પાસે ભોગડાવવા માટે આતુર બનતો જાય છે. આ આતુરતા વિકૃતતા બને તે પહેલાં માણસને તેના અધિકાર અને સાથે તેની ફરજોથી સભાન કરવું એ અતિ આવશ્યક બાબત બની ગઇ છે. જો આમ નહી કરવામાં આવે તો માણસ રાક્ષસ કરતાં પણ ભૂંડો બની શકે એ બાબતમાં પણ કોઇ શંકા નથી. દિવસે દિવસે માણસની જરૂરિયાતો વધતી જાય છે, સુખની સંકલ્પના બદલાતી જાય છે અને તેની ભૂખ વધતી જાય છે. માણસની ભૂખમાં સતત વધારો થાય છે ઘટાડો નહીં- એ સાશ્વત છે. ભૂખ્યો માણસ પોતાની ભૂખ સંતોષવા કંઇ પણ કરી શકે છે એ રક્ષકમાંથી ભક્ષક પણ બની શકે છે. માણસ રક્ષમાંથી ભક્ષક કે માણસમાંથી રાક્ષસ બને તે પહેલાં તેને માણસ બનાવા માટેનું શિક્ષણ અને તેના અધિકારો અને તેની ફરજોનું ભાન કરાવવું મહત્ત્વનું છે. શિક્ષણનો ધ્યેય માણસને પોતાના હક્ક અને ફરજથી અવગત કરાવવાનો છે. શિક્ષણના કેન્દ્રસ્થાને શિક્ષક અને વિદ્યાર્થી છે સાથે આપણો અભ્યાસક્રમ પણ એટલો જ મહત્ત્વનો છે. વિદ્યાર્થી (વ્યક્તિ)માં પોતાના અધિકારો અને ફરજોનું જ્ઞાન થાય અને વિદ્યાર્થી (વ્યક્તિ) પોતાના આચાર, વિચાર વ્યવહાર અને વલણમાં તે અમલીત થાય તે માટેના આજના શિક્ષણના પ્રયત્નો હોવા જોઇશે. શિક્ષણ પ્રણાલીમાં તે પ્રમાણેનો બદલાવ લાવવો જોઇશે. શિક્ષકે આ સભાન થઇ વર્ગખંડ અને વર્ગખંડ બહારની પ્રવૃત્તિમાં તે માટેનું યોગ્ય સુચારું વાતાવરણ ઊભું કરવું પડશે.

## ૨.માનવાધિકારની ચળવળ

માનવજાતિ વર્ષોથી પોતાના હક્ક (અધિકાર) માટે સંઘર્ષ કરી રહી છે. માત્ર ભારતમાં જ કે વિશ્વના કોઇ એક ખાસ દેશમાં આ આંદોલન ચાલે છે કે તીવ્ર છે તેમ કહેવું ખોટું ગણાશે. વિશ્વસ્તર ઉપર અને દરેક દેશ અને તનો દરેક નાગરિક હવે તેના માટે જાગૃત બન્યો છે. ઇ.સ. ૧૯૪૫માં યુનાઇટેડ નેશનના બંધારણ બાદ આ શબ્દ વધુ વેગવંતો બન્યો છે. યુનાઇટેડ નેશને સૌ પ્રથમ માનવજાતિના પાયાગત મૂળભૂત અધિકારો પર વિશેષ ભાર મુક્યો અને તે વિશ્વભરના તમામ દેશોમાં માનવાધિકાર વિશે જાગૃતિ લાવવા અને સહકારની ભાવનાથી લોકોમાં તે અંગેની સમજ પેદા કરવા માટે કટીબદ્ધ બન્યું. માનવાધિકાર એટલે લોકો જાતિ, ધર્મ, ભાષા વગેરેના ભેદભાવથી બહાર નીકળી પોતાની જીવન જીવવાની મૂળભૂત આઝાદી ભોગવી શકે અને સાથે-સાથે પોતાની ફરજ પ્રત્યે સભાન થાય.[૧] આમ, લોકોમાં એક વૈશ્વિક આદર અને સન્માન મેળવે એ તેનો મૂળભૂત ખ્યાલ છે.[૨] માનવાધિકાર મુજબ આપણને પ્રાપ્ત જન્મજાત અને સ્વભાવગત અધિકાર વિના આપણે જીવી ન શકીએ.અને તેને આપણે માનવ જિંદગીથી છૂટા પણ પાડી ન શકીએ.[3] માનવાધિકારનું કામ માનવને પ્રાપ્ત અધિકારોનું રક્ષણ કરવાનું છે. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરાકાર દ્વારા જો તેનું ખંડન થતું હોય તો તેની સામે માનવાધિકાર પંચ લડત આપવાનું કાર્ય કરે છે. સાથે-

[1] U.N. Charter , Article 1(3)
[2] Supra n.2, Article 55
[3] Teaching Human Rights, United Nat ions, New York, 1989 p.5

સાથે આ સંસ્થા માનવને તેના અધિકારો અપાવામાં મદદરૂપ થઇ તેના વ્યક્તિગત વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. ઇ.સ. ૧૯૪૮માં યુનાઇટેડ નેશને માનવાધિકારને બચાવવા કેટલાંક પગલાં લીધાં જેમાં

**૧.** કોઇપણ કાયદાનો કડક અમલ કરતાં પહેલાં તેમાં માનવ હિતને ધ્યાનમાં લેવા કાયદામાં તરલતા સૂચવી.[૪]

**૨.** વિવિધ સંસ્થાઓ દ્વારા માનવ અધિકારનું જતન અને સંવર્ધન થાય અને તેને લગતા કાયદાનો અમલ કરાવવા માટે પ્રયત્નશીલ બનવું[૫]

આમ, યુનાઇટેડ નેશનની માનવાધિકારની આ પાંખે દુનિયાભરના તમામ દેશોમાં માનવાધિકારની ચળવળ શરૂ કરી અને વિશ્વ સ્તર પર United Human Rights Commission સ્થાપના કરી. માનવાધિકાર પંચના હાઇકમિશ્નર અને વિશ્વસ્તરીય સંસ્થાઓ જેવી કે યુનેસ્કો, યુનિસેફ, WHO અને આંતર રાષ્ટ્રીય બિન સરકારી સંગઠનો સાથે રહીને આ સંસ્થાને વેગ આપ્યો.

## ૩.માનવાધિકારનું શિક્ષણ

વિશ્વસ્તરનો દરેક આમ આદમી સુખચૈનથી જીવે અને જીવનનો આનંદ લૂંટે એ માનવાધિકાર પંચનો ઉદ્દેશ્ય છે. વિશ્વશાંતિ અને ઉજ્જ્વળ ભવિષય એ આ સંસ્થાનો હેતુ છે. પરંતુ જ્યાં સુધી માણસમાં માનવાધિકાર વિષે પૂરી સભાનતા નહીં આવે ત્યાં સુધી આ હેતુ સાકાર થવો અશક્ય છે. માત્ર શિક્ષણ જ એક એવું માધ્યમ છે જેનાથી માણસને તેના અધિકારોથી વાકેફ કરી શકે એટલું જ નહીં પરંતુ તેને જીવનનો મર્મ શીખવી જીવન આનંદદાયક રીતે કેમ જીવી લેવાય તે શીખવી શકાય તેમ છે. માણસને પોતાના અધિકારો ભોગવવાનો જે જન્મજાત અધિકાર છે તેમ તેની કેટલીક ફરજો પણ છે આ ફરજો પ્રત્યે સભાનતા પણ શિક્ષણ દ્વારા કેળવી શકાય તેમ છે. માનવાધિકારના જતન અને સંવર્ધનમાં દરેક માણસની સહભાગીદારીતા મહત્વની છે. જ્યાં સુધી સમાજનો દરેક નાગરિક અન્યને માન આપતો નથી અને ત્યાં સુધી તે માન પામી શકતો પણ નથી. આ માન આપવાની અને માન પામવાની બાબતમાં સભાનતા અને તેની પદ્ધતિ જાણવી અને શીખવી જરૂરી છે. આ બધા માટે માનવ અધિકારનું શિક્ષણ અતિ આવશ્યક છે.[૬]

## ૪.ભારતીય પરિપ્રેક્ષમાં માનવાધિકારનું શિક્ષણ

ભારતીય બંધારણ ૧૯૫૦ની કલમ ૫૧-એ(૧) મુજબ ભારતના દરેક નાગરિકને પોતાના વિકાસ માટે વૈજ્ઞાનિક અને માનવતાવાદી વલણ કેળવવાનો અધિકાર છે. પ્રસ્તુત કલમને અસરકારક બનાવવા માટે માનવાધિકારનું શિક્ષણ આપવું એ ખૂબ જરૂરી છે. બંધારણીય જોગવાઇ અનુસાર દરેક રાજ્ય સરકારે બાળક (વિદ્યાર્થીઓ)માં આ અંગેની સભાનતા કેળવાય અને તેના વિકાસથી બાળકોનો વિકાસ થાય તથા તેનામાં સુટેવોનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો હાથ ધરવા જોઇએ. તેનામાં સાંવેગિક વિકાસ થાય તે માટેની પ્રવૃત્તિ હાથ ધરવી જોઇએ.[૭] દેશના દરેક નાગરિકને સ્વતંત્ર રીતે જીવવાનો સમાન અધિકાર છે માનવાધિકારના શિક્ષણ દ્વારા આપણે માત્ર માનવાધિકારનું રક્ષણ કરી શકીશું એટલું જ નહીં પરંતુ હિંસાનો ફેલાવો પણ અટકાવી શકીશું. માટે સમાજવિદ્યાના શિક્ષણમાં આ વિષયનો સમાવેશ થાય તે હિતાવહ છે. આપણા દેશમાં દરેક રાજ્યએ હવે ૧૦+૨+૩ની શિક્ષણની તરાહ સ્વીકારી છે. પ્રથમ ૧૦ના ઘટકમાં પ્રથમ પાંચ વર્ષ પ્રાથમિક શિક્ષણ, ત્યાર પછીના ત્રાણ ઉત્તર પ્રાથમિક શિક્ષણ અને અંતિમ બે વર્ષ માં માધ્યમિક શિક્ષણની વાત સ્વીકારી છે. ગુજરાતમાં પણ આપણે આ પ્રકારના શિક્ષણને વધાવી લીધું છે. ત્યાર પછીના ઘટકમાં ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનો સમાવેશ થાય છે. જેમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવીના સમાવેશ સાથે પીએચ.ડીનો પણ સમાવેશ થાય છે. ઉચ્ચ શિક્ષણમાં અનેકવિધ વિષયોની સાથે-સાથે વ્યવસ્થાપકીય, વ્યાવસાયિકી અને તક્નીકીય શિક્ષણ પ્રાપ્ત થાય છે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં મૂલ્ય

[4] Il lust rations: UDHR 1948, Declaration on Elimination of al l Forms of Discrimination Against Women 1967, Declaration on Rights of a Chi ld 1959, Vienna Declaration 1993 etc.

[5] Il lust rat ions: Convent ion on Civil and Political Rights 1966, Convent ion on Economic Social and Cultural Rights 1966, Convention on Elimination of all Forms Discrimination Against Women 1979; Convent ion on Rights of a Child 1989, Convention on Elimination of all forms of Racial Discrimination 1966; Convent ion against Torture and other Cruel , Inhuman or Degrading Treatment or Punishment (1984)etc.

[6] D. Human Rights Education – 78 to 82

[7] Article 21A; See also Articles 30,41,45 and 51 A(k)

શિક્ષણની હિમાયત કરવામાં આવી છે. અભ્યાસક્રમમાં માનવાધિકારના શિક્ષણને અલગ વિષય તરીકે સ્વીકારવામાં આવ્યો નથી. ણછઈત્ટના મત અનુસાર માનવ અધિકારને લગતી બાબતોનું અલગથી શિક્ષણ આપવું અને તેને એક સ્વાયત્ત વિષય તરીકે ભણાવવો એ વાજબી શક્ય પણ નથી. યુનેસ્કો આ બાબતને અનુમોદન આપતાં કહે છે કે માનવાધિકારના શિક્ષણને વિષય તરીકે સિમિત દાયરામાં બાંધી શીખવવું એ અશક્ય છે. એ એક બોજ સમાન બની શકે છે. તેનું સાહજિક રીતે પ્રત્યક્ષીકરણ થાય તે જરૂરી છે.[૮] શિક્ષણની પૂર્વ સેવાકાલીન તાલીમ અને સેવાકાલીન તાલીમમાં, પાઠ્યપુસ્તકમાં, પદ્ધતિશાસ્ત્રમાં, વર્ગવ્યવસ્થાપન અને સંચાલનમાં આમ શિક્ષણના દરેક તબક્કે આ શિક્ષણ તાણાંવાણાંની જેમ વણાયેલ છે. શિક્ષણ પ્રણાલીમાં માનવાધિકારના શિક્ષણને સ્વતંત્ર રીતે ઓળખવું કઠીન છે એટલું જ નહીં પરંતુ આ મહાન ખ્યાલની ઠેકડી ઉડાડવા બરાબર છે. ઇ.સ. ૧૯૮૦માં યુ જી સી દ્વારા નિયુક્ત શીકરી કમિશનનો અહેવાલ પણ આ બાબતને સમર્થન આપતાં જણાવે છે કે અનેકવિધ પ્રકારે માનવાધિકારનું શિક્ષણ માટે આપી શકાય તેમ છે. પરંતુ આપણી આ પ્રણાલીમાં તેને અલગ વિષય તરીકે સ્વીકારાયો નથી. પરંતુ હવે ઘણી બધી યુનિવર્સિટીમાં માનવાધિકારના શિક્ષણને સ્નાતક અને સ્નાતકોત્તર શિક્ષણ પ્રણાલીમાં અલગથી સમાવવાનો અને અલગથી ભણાવવા માટેની શરૂઆત થઇ ચૂકી છે.[૯] ભારતીય કાયદાશાસ્ત્રમાં પણ આ એક અલગ એકમ તરીકે ભણાવવામાં આવે છે.

## ૫. માનવ અધિકારના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા

સામાન્ય રીતે શિક્ષક વિદ્યાર્થી, વાલી, સમાજ, વ્યવસ્થાપક, વગેરેના સીધા સંપર્કમાં આવતો હોય છે. સમાજના દરેક સભ્ય સાથે તેના સીધા સંબંધ સ્થાપિત થતા હોય છે. શિક્ષકના આ સંબંધો ઉષ્માભર્યા હોય તે હિતાવહ અને અતિ આવશ્યક પણ છે. શિક્ષકની ભૂમિકા બાળકના વર્તન પર અસર પાડનાર મહત્ત્વનું પરિબળ છે. બાળક માટે શિક્ષક એ આદર્શરૂપ છે. આ માટે શિક્ષકે સભાન રહેવું જોઇએ.[૧૦] માનવાધિકારના શિક્ષણને સફળ બનાવવા માટે શિક્ષકે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. સૌ પ્રથમ બાળકના અધિકારથી તેણે વાકેફ થવું પડશે[૧૧] અને તેને માન આપવું પડશે. તેણે માત્ર પાઠ્યપુસ્તકીયું જ્ઞાન કે માનવના હક્ક અને ફરજોની માહિતી આપવાને બદલે માનવના હક્ક અને ફરજોનું જતન અને સંવર્ધન કઇ રીતે થઇ શકે અને તેમાં તે કઇ રીતે પોતાનું યોગદાન આપી શકે તે માટે સતત ચિંતિંત રહેવું પડશે. તેણે દરેક પ્રત્યે સમાનતાનો ભાવ પેદા કરવો પડશે. આ સાથે બાળકને બાળક તરીકે સ્વીકારી તેને તે પ્રમાણેનું માન આપવું પડશે. તેણે બાળકની ઇચ્છા કે અનિચ્છા જાણવાનો પ્રયત્ન કરવો પડશે અને તેને અનુમોદન આપવું પડશે. વર્ગ ખંડ અને વર્ગખંડ બહારની પ્રવૃત્તિમાં, શિસ્ત પાલન અને મૂલ્યાંકનમાં તેના હિતની જાળવણી કરવી પડશે. આ સિવાય વિશિષ્ટ રીતે વિચાર કરીએ તો-

## ૬. પૂર્વ પ્રાથમિક તબક્કો

આ તબક્કામાં બાળક પુખ્ત બાળક સ્વરૂપે આપણી પાસે આવતું હોય છે. તે પ્રત્યાયન કરવા પ્રયત્નશીલ બનતું હોય છે. આપણે બાળકની આ પ્રવૃત્તિને માન આપવું જોઇએ. તેમની જરૂરિયાતો સંતોષાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઇએ અને તે બીજાને માન આપે તે માટે પ્રેરિત કરવા જોઇએ. તેમને માનવ સંબંધો, મિત્રાતા અને અન્યોન્ય સહકારી બને તે માટે એકબીજાને પ્રોત્સાહિત કરે તેવી ટેવ વિક્સાવવી જોઇએ. મૂલ્ય આધારિત અને માનવાધિકારને પોષે તેવી બોધાત્મક વાર્તાઓ અને ગીતો તેમની સમક્ષ રજૂ કરવા જોઇએ.

## ૭. પ્રાથમિક તબક્કો

માનવાધિકારને પોષવા માટે પ્રાથમિક શિક્ષણના તબક્કામાં ભાષા અને પર્યાવરણીય શિક્ષણ મહત્વના માધ્યમો છે. શિક્ષણના આ તબક્કામાં ભાષા અને પર્યાવરણીય શિક્ષણમાં ટૂંકી-ટૂકી વાર્તાઓ(બોધકથાઓ), કવિતાઓ, ગીતોનો સમાવેશ કરવો જોઇએ. આનો મતલબ એ થતો નથી કે પાઠ્યપુસ્તકના કેન્દ્રસ્થાને આ બાબતો હોય પરંતુ શિક્ષકે પુરક શિક્ષણના ભાગરૂપે આ બાબતો પર વિશેષ ધ્યાન આપવું જોઇએ. વર્ગશિક્ષણ દરમિયાન દેશ વિદેશમાં આ સંદર્ભે થતી ઘટના-બાબતોની ચર્ચા

[8] NCF 2005
[9] UGC website www.ugc.ac. in
[10] Dorothy Westby – Gibson, Social Perspectives on Education, p.337, 1965 John Wiley and Sons Inc.
[11] Article 31, Rights of a Child Convention, 1989

કરવી જોઇએ. બાળકને કુટુંબ, મિત્રો, સ્વરક્ષણ જેમાં રહેઠાણ, પાણી, મુસાફરી, બાબતો અને આપણે જે કાંઇ કરીએ કે બનાવીએ છીએ તે બધી બાબતોમાં માનવાધિકારને લગતી બાબતોની સાથે આપણી ફરજોની ચર્ચા કરવી જોઇએ.

## ૮. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તબક્કો

શિક્ષણનો આ એક એવો તબક્કો છે જ્યાં બાળક ભાષા અને પર્યાવરણીય શિક્ષણ સાથે સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, વિજ્ઞાન, ગણિત, જેવા અન્ય વિષયોનું પણ જ્ઞાન (શિક્ષણ) મેળવે છે. આ દરેક વિષયોમાં ઘણી બધી એવી બાબતો છે કે જેમાં માણસને પોતાની ઓળખ, લાગણી, તે પ્રત્યેના પોતાના વિચારો, જેવી બાબતો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પ્રતિપાદિત થતી હોય છે. સાથે સાથે લોકશાહી, બિનસાંપ્રદાયિક્તા, જેવા ખ્યાલ સ્પષ્ટ થતા હોય છે. નાગરિકશાસ્ત્ર જેવા વિષયોમાં નાગરિક તરીકેની આપણા હક્ક અને ફરજોનું ભાન થાય છે. અર્થશાસ્ત્ર દ્વારા આપણે વિદ્યાર્થીમાં આર્થિક બાબતોમાં વિકાસ સાધવા માટેની સભાનતા વિકસિત કરી શકીએ છીએ અને દેશના આર્થિક વિકાસમાં આપણા યોગદાનની ચર્ચા કરી શકાય.  એવી જ રીતે ઇતિહાસના વિષયોના શિક્ષણમાં શિક્ષકે માનવાધિકાર અને મૂલ્ય આધારિત બાબતોને ખાસ મહત્વ આપી તેની વર્ગખંડમાં ચર્ચા કરવી જોઇએ. પાઠયક્રમમાં સમાવિષ્ટ બાબતો દા.ત. ભગવાન બુદ્ધનું જીવન ચરિત્ર ભણાવતી વખતે બૌદ્ધ ધર્મની લાક્ષણિકતા અને તેનું તત્વચિંતનની વાત કરવામાં આવે તો તે અસરકારક કહેવાય. એવી જ રીતે સ્વતંત્રતાના આંદોલનોની વાત કરતા હોઇએ ત્યારે માનવીય સ્વતંત્રતા એ આપણો અધિકાર છે એ વાત ચોક્કસપણે કરવી જોઇએ પણ સાથે સાથે રાષ્ટ્ર પ્રત્યેની આપણી કેટલીક જવાબદારી પણ છે એ બાબતની પણ ચર્ચા થવી જોઇએ. આમ, માધ્યમિક કક્ષાએ પાઠયક્રમમાં સમાવિષ્ટ મુદ્દાઓમાં જ્યાં કંઇ પણ માનવાધિકાર અને માનવીય ફરજની વાત આવે છે ત્યારે એક જાગૃત શિક્ષક તરીકે આપણે પૂરક શિક્ષણમાં એ બાબતોનો સમાવેશ કરવો જોઇએ.

## ૯. સહઅભ્યાસિક પ્રવૃત્તિ

સહઅભ્યાસિક પ્રવૃત્તિના ચયનમાં શિક્ષકનો મહત્ત્વનો ફાળો છે. શાળા કક્ષાએ નાટ્યશાળા અને પુસ્તકાલયની અસરકારક પ્રવૃત્તિ દ્વારા માનવાધિકારના શિક્ષણને ઉજાગર કરી શકાય તેમ છે. શિક્ષકે વિદ્યાર્થીઓનેમાનવાધિકારને લગતાં કાવ્યલેખન, નાટક, નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચા સ્પર્ધા, પોસ્ટર મેકીંગ વગેરે જેવી સ્પર્ધાઓ યોજવી જોઇએ. શાળા કક્ષાએ વિશ્વ માનવ અધિકાર દિનની ઉજવણી કરવી જોઇએ. આ સિવાય શાળા કક્ષાએ વાલી દિવસ, દાદા-દાદી દિવસ, માતૃદિન, પિતૃદિન જેવા વિવિધ દિવસોની ઉજવણી કરવી જોઇએ. શાળામાં ખાસ કરીને અંધ-અપંગ કે ખોડ-ખાંપણ વાળાં બાળકોની પ્રવૃત્તિઓને ઉજાગર કરવી જોઇએ. તેમને માન સન્માન મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ. આ  દરેક  પ્રવૃત્તિના  આયોજનમાં મહત્ત્વની બાબત એ છે કે આયોજક તરીકે આપણો ફાળો તટસ્થ હોવો જોઇએ. તેના આયોજનમાં એવી કોઇ ક્ષતિ ન રહે કે જેના થકી ક્યાંક વિદ્યાર્થીનું માનભંગ થાય કે તેના અધિકારનું ભંગ થાય. સમાજનો દરેક માણસ એ માન અને સન્માનનો અધિકારી છે અને તેમાંય ખાસ કરીને શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓમાં સ્ત્રી પાત્રોને તેમાં વધુ માન સન્માન મળે તે ઇચ્છનીય છે.

## ૧૦. માનવાધિકારના શિક્ષણમાં શિક્ષકની ફરજો

૧. પાઠ્યક્રમમાં સમાવિષ્ટ મુદ્દાઓમાં જો માનવાધિકારના ભંગને લગતી બાબતો હોય તો તેવી બાબતોને માટે લાગતા વળગતા લોકોને તેનાથી વાકેફ કરો અને ઝડપથી તેને દૂર કરવા પ્રયત્ન કરો.[૧૨]

૨. શાળા કક્ષાએ પુસ્તકાલયને આ સંદર્ભમાં સમૃદ્ધ બનાવવા માટે ખાસ પ્રકારે પ્રયત્નશીલ થવું. સાથે-સાથે શિક્ષકે પોતાનું આગવું સગ્રહ પણ કરવું જોઇએ.

૩. શાળા કક્ષાએ વિદ્યાર્થી(બાળક)ની જે પ્રાથમિક કક્ષાની જરૂરિયાતો છે તેને તાત્કાલીક ધોરણે પ્રાધાન્ય આપી પૂર્ણ કરો.

૪. શિક્ષક તરીકે પોતાના સંપર્કમાં આવતાં દરેક લોકોનું અને એમાંયે ખાસ કરીને વિદ્યાર્થીઓનું માન સન્માન જાળવો.[૧૩] પોતાની નજરમાં દરેક સમાન હોવા જોઇએ. તેમની સાથે કોઇ પણ જાતનો ભેદભાવ ન રાખો.

[12] Read, Sheela Barse, India : Devaluation and Distortion of Human Rights in textbooks, www.country/studies.us/ India/37.html

[13] 5.2, Teacher Education for Curriculum Renewal , NCF : 2005

૫. શિક્ષક માત્ર પાઠયપુસ્તકમાં પાઠ્યક્રમને પૂર્ણ કરે તેટલું પુરતું નથી. તેણે પાઠ્યક્રમની સાથે સાથે આવા વિચારોને ફળિભૂત કરવા સતત પ્રયત્નશીલ રહેવું પડશે. શક્ય બને તો તેણે અભ્યાસક્રમના માળખામાં પણ સુધારા-વધારા થાય તે માટેના પ્રયત્નો હાથ ધરવા પડશે.[૧૪]

૬. શિક્ષકે સ્વયં શિસ્ત જાળવવાં, અન્ય સાથે આદર પૂર્વકનો વ્યવહાર કરવો અને તેમની કાળજી રાખવી. દરેક જણ સાથે સહકારની ભાવના દાખવવી અને તે જ પ્રમાણે તેમની પાસેથી કામ લેવાની કાળજી રાખવી.

## ૧૧. માનવાધિકારના શિક્ષણમાં તાલીમી સંસ્થાઓની ભૂમિકા

તાલીમી સંસ્થાઓને આ અંગેના શિક્ષણમાં વિશેષ ભૂમિકા બને છે. એન.સી.ટી.ઇ. એ પણ આ બાબતને પ્રાધાન્ય આપ્યું છે. તાલીમી સંસ્થાઓમાં તાલીમાર્થીને બાળકની બાળક તરીકેની ઓળખ, તેની જરૂરિયાતો, તેના અધિકારો વગેરે જેવી બાબતોથી અવગત કરાવવા જોઇએ અને તેના જતન અને સંવર્ધનમાં શિક્ષકની આગવી ભૂમિકાથી તેને વાકેફ કરવા જોઇએ. સેવાકાલીન તાલીમોનું આયોજન કરવું જોઇએ અને તેમાં આવા મુદ્દાઓને વેગ આપતી પ્રવૃત્તિનું આયોજન કરવું જોઇએ. શાળા કક્ષાએ ફરજ બજાવતા દરેક કર્મચારી માટે સેમિનાર, વર્કશોપ કે રીફ્રેસર કોર્ષનું આયોજન કરવું જોઇએ.

## ૧૨. ઉપસંહાર

બાળપણથી આપણે એક બાબત અચૂક જાણી છે અને આપણે શીખતા પણ આવ્યા છીએ કે હક્ક અને ફરજ એ એક સિક્કાની બે બાજુઓ છે. આપણને આપણા હક્ક ભોગવાનો પૂરેપૂરો અધિકાર છે પણ સાથે-સાથે આપણી કેટલીક ફરજો પણ છે. જો આપણે આપણી ફરજો અદા કરતા નથી તો ક્યાંકને ક્યાંક આપણે કોઇકને માટે અધિકાર કે માનભંગને પાત્ર બની શકીએ છીએ. આપણને કાંટો વાગે છે અને જે પીડા થાય છે તે પીડા અન્યને પણ થાય જ છે માટે આપણે સદા સભાન રહીને અન્ય સાથે પોતાને ઇચ્છનીય છે તેવો વ્યવહાર કરવો જોઇએ. શિક્ષક એ આવતી કાલના સમાજનો નિર્માતા છે. શિક્ષક સમાજનો આદર્શ છે. શિક્ષક સમાજનો આગેવાન છે. પૃથ્વીને સ્વર્ગ કે નર્ક બનાવવી એ શિક્ષક પર નિર્ભર છે. તો આવો આપણે માનવાધિકારના શિક્ષણ યજ્ઞમાં યથાયોગ્ય આહુતિ આપી આપણે આપણા ધર્મનું પાલન કરીએ.

## સંદર્ભ સાહિત્ય

1. Article 21A; See also Articles 30,41,45 and 51 A(k)
2. Article 31, Rights of a Child Convention, 1989
3. D. Human Rights Education – 78 to 82
4. Dorothy Westby – Gibson, Social Perspectives on Education, p.337, 1965 John Wiley and Sons Inc.
5. Illustrations: Convent ion on Civil and Political Rights 1966, Convent ion on Economic Social and Cultural Rights 1966, Convention on Elimination of all Forms Discrimination Against Women 1979; Convent ion on Rights of a Child 1989, Convention on Elimination of all forms of Racial Discrimination 1966; Convent ion against Torture and other Cruel, Inhuman or Degrading Treatment or Punishment (1984)etc.
6. Illustrations: UDHR 1948, Declaration on Elimination of al l Forms of Discrimination Against Women 1967, Declaration on Rights of a Chi ld 1959, Vienna Declaration 1993 etc.
7. NCF 2005
8. NCF: 2005
9. Read, Sheela Barse, India : Devaluation and Distortion of Human Rights in textbooks, www.country/studies.us/ India/37.html
10. Supra n.2, Article 55
11. Teacher Education for Curriculum Renewal , NCF : 2005
12. Teaching Human Rights, United Nat ions, New York, 1989 p.5
13. U.N. Charter , Article 1(3)
14. UGC website www.ugc.ac. in

[14] NCF: 2005